# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


સી.આર.યુ. /૨૦૨૬/ ૫૧૬૨ તા.૩૦/૦૩/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,

સુરત શહેર તથા જિલ્લો.

વિષય: Children's Research University, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે જાહેર કરાયેલ વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોમાં ભાગ લેવા બાબત જાણ કરવા અંગે.

સંદર્ભ: Children's Research University, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:CRU/COR/2026/46, તા. ૨૧/૦૨/૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, Children's Research University, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક ગુણવત્તામાં વધારો, નવીનતા પ્રોત્સાહન તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં સંશોધનક્ષમતા વિકસાવવા હેતુસર વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિવિધ કાર્યક્રમો જાહેર કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમોની વિગત નીચે મુજબ છે:

(1) એક્શન રિસર્ચ પ્રોજેક્ટ્સ (2026-27)

- આ યોજના હેઠળ શાળા/કોલેજ/યુનિવર્સિટીના શિક્ષકો દ્વારા શિક્ષણ ક્ષેત્રે પ્રાયોગિક સમસ્યાઓના ઉકેલ માટે સંશોધન આધારિત પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે છે.
- શિક્ષકો પોતાના વિષય કે શૈક્ષણિક સમસ્યાને આધારે પ્રોજેક્ટ તૈયાર કરી શકે છે.
- પસંદગી પામેલ પ્રોજેક્ટને યુનિવર્સિટી તરફથી માર્ગદર્શન તથા સહાય આપવામાં આવશે.
- ઓનલાઈન અરજી કરવાની અવધિ: તા. 21/02/2026 થી 30/03/2026.

(2) બેસ્ટ TLM (Teaching Learning Material) એવોર્ડ (2026-27)

- શિક્ષણમાં નવીનતા લાવનાર અને અસરકારક શિક્ષણ સાધનો (TLM) તૈયાર કરનાર શિક્ષકોને પ્રોત્સાહિત કરવા આ એવોર્ડ આપવામાં આવે છે.
- શિક્ષકો દ્વારા બનાવવામાં આવેલ નવીન TLM, શૈક્ષણિક પ્રયોગો તથા વિદ્યાર્થીઓમાં રસ ઉત્પન્ન કરનાર સાધનોનું મૂલ્યાંકન કરવામાં આવશે.
- ઓનલાઈન અરજી કરવાની અવધિ: તા. 01/03/2026 થી 30/03/2026.

(3) બેસ્ટ ચાઈલ્ડ સાયન્ટિફિક રિસર્ચ એવોર્ડ (2026-27)

- વિદ્યાર્થીઓમાં સંશોધનક્ષમતા અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવા આ એવોર્ડ આપવામાં આવે છે.
- વિદ્યાર્થીઓ નીચેના ક્ષેત્રોમાં સંશોધન પ્રોજેક્ટ રજૂ કરી શકે છે:
  1. સામાજિક વિજ્ઞાન
  2. ભાષા અને સાહિત્ય
  3. વિજ્ઞાન અને ટેકનોલોજી
- અનુસ્નાતક (PG), પી.એચ.ડી. તેમજ અન્ય સંશોધન સ્તરના વિદ્યાર્થીઓ પણ ભાગ લઈ શકે છે.
- ઓનલાઈન અરજી કરવાની અવધિ: તા. 21/02/2026 થી 15/05/2026.

મહત્વપૂર્ણ સૂચનાઓ:

- તમામ કાર્યક્રમો માટે અરજી માત્ર ઓનલાઈન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે.
- વિગતવાર માર્ગદર્શિકા, અરજી પ્રક્રિયા તથા નિયમો માટે યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ Children's Research University (www.cugujarat.ac.in) ની મુલાકાત લેવી.
- શાળાના મુખ્યશિક્ષકો/આચાર્યો દ્વારા તમામ શિક્ષકો તથા વિદ્યાર્થીઓને આ બાબતે અવગત કરાવવું.
- શક્ય તેટલા વધુ શિક્ષકો અને વિદ્યાર્થીઓને ભાગ લેવા પ્રોત્સાહિત કરવું.
- સંબંધિત પ્રવૃત્તિઓ અંગે શાળાસ્તરે માર્ગદર્શન અને સહાય પૂરી પાડવી.

આથી આપને વિનંતી કરવામાં આવે છે કે ઉપરોક્ત તમામ કાર્યક્રમોની જાણ આપની શાળાના સ્ટાફ તથા વિદ્યાર્થીઓ સુધી તાત્કાલિક પહોંચાડશો અને રસ ધરાવતા ઉમેદવારોને સમયમર્યાદામાં અરજી કરવા માટે માર્ગદર્શન આપશો.

આ બાબતે આપનો સહકાર અભિનંદનીય રહેશે

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત,જિલ્લો-સુરત.

Children's
RESEARCH UNIVERSITY

(Established Vide Gujarat Act No. 15 of 2009)
Near Jalaram Temple, Opp. Public Garden, Sector - 29,
Gandhinagar, Gujarat 382030
Tel. No.: 079 2324 4576 Website: www.cugujarat.ac.in
Helpline No.: (Call & WhatsApp) M. 7575962929

CRU/COR/2026/46 તા. ૨૭/૦૨/૨૦૨૬

**૧) એક્શન રિસર્ચ પ્રોજેક્ટ્સ જાહેરાત – ૨૦૨૬–૨૭**

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના 'સેન્ટર ઓફ રિસર્ચ' દ્વારા એક્શન રિસર્ચ પ્રોજેક્ટ્સ માટે અરજીઓ મંગાવવામાં આવે છે. ઑનલાઈન ફોર્મ યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in પર તા. ૨૭/૦૨/૨૦૨૬ થી 30/03/૨૦૨૬ દરમિયાન ભરી શકાશે. એક્શન રિસર્ચ પ્રોજેક્ટ્સ અંગેની તમામ માહિતી અને સૂચનાઓ યુનિવર્સિટીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. શાળા/કોલેજ/યુનિવર્સિટીના શિક્ષકો અને બાળ વિકાસ ક્ષેત્રના સ્વતંત્ર રીતે કાર્ય કરતા નિષ્ણાતો પણ અરજી કરી શકશે.

**૨) બેસ્ટ ટૉય/TLM એવૉર્ડ્સ જાહેરાત – ૨૦૨૬–૨૭**

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના 'સેન્ટર ઓફ ટોય સાયન્સ' દ્વારા બેસ્ટ ટૉય/TLM એવૉર્ડ્સ માટે અરજીઓ મંગાવવામાં આવે છે. ઑનલાઈન ફોર્મ યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in પર તા. ૦૧/03/૨૦૨૬ થી 30/૦3/૨૦૨૬ દરમિયાન ભરી શકાશે. બેસ્ટ ટૉય/TLM એવૉર્ડ્સ અંગેની તમામ માહિતી અને સૂચનાઓ યુનિવર્સિટીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. શાળા/કોલેજ/યુનિવર્સિટીના શિક્ષકો અને બાળ વિકાસ ક્ષેત્રના નિષ્ણાતો અરજી કરી શકશે.

**૩) બેસ્ટ ચાઈલ્ડ સેંટ્રિક રિસર્ચ એવૉર્ડ્સ જાહેરાત – ૨૦૨૬–૨૭**

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના 'ડિપાર્ટ્મેંટ ઓફ ટેસ્ટિંગ & ઈવેલ્યુએશન' દ્વારા બેસ્ટ ચાઈલ્ડ સેંટ્રિક રિસર્ચ એવૉર્ડ્સ માટે અરજીઓ મંગાવવામાં આવે છે. ઑનલાઈન ફોર્મ યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in પર તા. ૨૭/૦૨/૨૦૨૬ થી ૧૫/૦૬/૨૦૨૬ દરમિયાન ભરી શકાશે. બેસ્ટ ચાઈલ્ડ સેંટ્રિક રિસર્ચ એવૉર્ડ્સ અંગેની તમામ માહિતી અને સૂચનાઓ યુનિવર્સિટીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. ૧. સામાજિક વિજ્ઞાન ૨. પ્યોર અને એપ્લાઇડ સાયન્સ 3. ભાષા અને ભાષાવિજ્ઞાન – વિષયના અનુસ્નાતક (PG), પીએચ.ડી., પોસ્ટ ડોક્ટરલ અને સંશોધન પ્રોજેક્ટ કક્ષાના સંશોધન માટે અરજી કરી શકાશે.

**સ્થળ: ગાંધીનગર**

S/d- **કુલસચિવ (ઈ.ચા.)**
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી